રાજા માનસીંહ અને રાણી
પ્રેમવંતીની વારતા.

કુટુંબને વાંચવા લાયક.

૨૬૪૨

દોહરો

વાંચો સજ્જન વારતા મનરંજન જે થાય,
વાંચીને વિચારથી સુખી રહેશે કાય,
રાજાએ ભરવાડી સાથ પુરણ કીધી પ્રીત,
દાદાભાઇ કહે વાંચીને શાંત થશે જે ચીત,

છપાવી પ્રસિદ્ધ કરનાર

ડી. એમ. એસ.

મુંબઇ.

રાજા માનસીંહ અને રાણી પ્રેમવંતી ની વારતા.

બુંદી શેહેરમાં માનસિંહ નામનો રાજા રાજ્ય ચલાવતો હતો. તે ઉમરે જવાન અને મીજાજે શોકીલો હતો. તેની પ્રજા તેના ઉપર ઘણી ખુશ રહેતાં, અને ગરીબ તેમજ તવંગરોને તે વહાલો હતો. તે પોતાના રાજનો કારભાર અકલમંદ અમીર ઉમરાવો-ના હાથમાં સોંપી પોતે શીકાર વીગેરે ગમતમાં પોતાના દહાડા ગુજારતો હતો. તેને ઘણીવાર રાજવંશી માગાં આવે પણ પરણીને એક જગ્યાએ બંધાઇ રહેવાની તેની મુતલગ ખુશી ન હોતી. તેનાં અમીર ઉમરાવો અને પ્રજાની ઘણી ઇછા કે તે પરણે અને તેમને માથે રાજ કરતાનો વારસ આવે, પણ રાજા ના પાડે અને સમજે નહીં. આખરે તેની રૈયત અને તેના અમીર ઉમરાવો ઘણા બજીદ થયા ત્યારે એક દહાડે તેણે એક મોટીસભા ભરી અને તે સભામાં આ નીચે પ્રમાણે બોલ્યો. "રફીકો મારી પરણવાની ખુશી નથી તોએ તમે મારા ઉપર આવી જબરીથી ફરજ નાંખોછો તો હું પરણવાને તૈયાર છું, પણ એવી સરતે કે હુ મારે ગમે તેવી અને ગમે ત્યાંથી બાયડી લાવીશ તેમાં

તમોએ વચમાં બોલવું નહીં, અને પછી હું જેને બી લાઉં તેને તમોએ તમારી રાણી તરીકે પુરતું માન આપવું." સઘળી રૈયતે આ સરત ખુશીથી કબુલ કીધી.
માહાનશીંહ દરરોજ પોતાના શેહેરથી થોડેક કોસને છેટે આવેલું ઋનવાલપુર નામનાં ગામના જગલમાં શીકાર કરવાને જતો હતો. તે શેહેરની પાદરે એક ગરીબ બુઢો ખેડુત રેહેતો હતો. તે ખેડુતની એક વીસ વરસની છોકરી હતી. આ છોડી ઘણીજ ખુબશુરત અને ગરીબ હતી. તેની ઉપર માહાનશીંહનું ધ્યાન હતું. માહાનશીંહ જયારે ત્યારે જોતો કે તે દરરોજ પોતાનાં ગાય ઢોરને વાસ્તે ખેતરમાંથી ચારો લાવતી, પોતાના બુઢા બાપની આખો દહાડો સેવા કરતી અને ઘરનું કામકાજ ચલાવતી. તેણે મનમાં વીચાર કીધો કે જો બાયડી કરૂં તો એનેજ કરૂં કે મને સુખ આપે. આવો વીચાર કરી તેણે બુઢા ખેડુતને તેડાવી બોલાવ્યો અને પોતાનો ઠરાવ જાહેર કીધો. પેહેલાંતો ખેડુત સમજયો કે રાજા મશકરી કરેછે પણ પછી પોતાની ખાત્રી થવાથી તેણે રાજા માહાનશીંહને હજારો હજાર દુવા દીધા. માહાશીંહે ત્યાર બાદ પોતાના સઘળા અમીરોને તથા રૈયતને એકઠી કીધી અને કહ્યું "મારા વફાદાર ઉમરાવો અને રૈયતો તમો મને પરણેલો જોવાને ખંતીછો માટે તમોને રાજી રાખવા ખાતર હું કબુલ થયો. તમોએ

કબુલાત આપીછે કે જેને હું પસંદ કરૂં તેને તમોએ
માન આપવું. હું હવે મારો વચન પાળવાને તૈયારછું
માટે તમોએ તમારો વચન પાળવાને તૈયાર થવું. મેં
મારી રાણી તરીકે એક ગરીબ ખેડુતની છોકરી પસંદ
કરીછે. અને થોડા દહાડામાં તેણીને મારા મેહેલમાં
લાવીશ માટે ખાના પીના, નાચ રંગ, કરો અને મારા
તેમજ તમારા જીવને ખુશી કરો." લોક આ સાંભળી
ખુશામાં આવી ગયું. અને બુંદી શેહેરમાં ખુશાખુશાલી
ઘણા દહાડા સુધી ચાલી. માહાનશીંહે ઉચા ઉચા
પોસાક તૈયાર કરાવ્યા. અને એક દહાડો ઠરાવી પોતાના
ઉમરાવો વગેરેનુ લાવ લશ્કર લઇ પેલા ખેડુતની ઝુપ
ડી આગલ ગયો. ત્યાં જઇ તેણે પેલી છોડીને બાહાર
બોલાવી અને સવાલ નાખ્યો. "નીરદોશ છોકરી
હું તારા સાથ પરણવાને રાજી છું, તુ તારૂં દીલ મારા
ઊપર લગાડશે?" છોડી જે બચારી રાજા અને ફકીર
નો કાંઇ વીચાર રાખતી ન હતી તે સાદાઇથી બોલી
"પરણો કે ના પરણો પણ મારા હાકમના ઉપર
ખ્યારતો મને બચપણથી છેજ." વળી પાછુ માહાનશીંહે
પુછ્યું "હું ગમે તેમ કરૂં પણ તારે મુંગે મોહાડે તા
બે થવું એ સરત તને કબુલછે?" વળી પાછી છોડી
એ હા પાડી અને માહાનશીંહ તેણીને અજમાવી જો
વા માટે હુકમ કીધો કે ત્યાં સઘલા ઉભેલા છે તેમની

હજુર તમામ કપડાં કાહાડી નાખી પેલો ઉંચો પોશા
ક જે માહાનશીંહ લાવ્યો હતો તે પેહેડે. તેણીએ મું
ગે મોહડે કપડાં ઉતારવા માંડ્યાં પણ માહામશીંહે ત
ણીને અટકાવી અને ખુશી થઇ તેણીને પોતાના મેહે
લમાં લઇ જઇ ધામધુમથી લગન કીધાં. હવે આ ખે
ડુતની છોકરી રાજા સાથ પરણ્યાથી જાણે ખુદરતીજ
તેણીના દરજા તથા તેકમાં ફેરફાર થઇ ગયો, તે પો
તાની રૈયતનાં સુખને વાસ્તે મેહેનત કરવા લાગી, અ
ને સઘલી વાતમાં રાજા માહાનશીંહને ખુશી રાખતી. તે
દેખાવમાં પણ ઘણી રૂપાળી હોવાથી લોક પણ તેના ઉ
પર મઘન રેહતાં, અને કેહતાં કે માહાનશીંહે આ પ્ર
માણે પોતાને મન ગમતી પણ આવી નાદર સ્ત્રી લા
વવામાં ઘણું ઉમદા ડાહાપણ વાપરયું હતું. થોડાક વ
ખતમાં તેમને એક બેટી અવતરી જે વેલા શેહેરમાં
ધુમધામ મચી રહી. પણ હવે માહાનશીંહના મનમાં
એક ફાંટો આવ્યો તે એકે પોતાની સ્ત્રીના ઉપર તરેહ
વાર જાસતી પાડી તે પોતાનું વચન કેટલું પાલેછે તે
તથા તેનામાં કેટલી ધીરજછે તે કસી જોવી. આવો ઠ
રાવ કરી તેણે પોતાની બાનુને હાડમાર કરવા માંડી,
તેને કઠણ સખુના કે હે, તેના હલકાં ખાનદાન ઉપર લે
આનત નાંખે અને કેહકે તારી હલકી બુનીઆદને લી
ધે મારી રૈયત મારા ઉપર, બરબડે છે અને આ છો

કરી તેં જાણી તે માટે મારા ઉપર ખફાછે. આ સાં
ભલી કોઇભી રીતે આકલી થવાને બદલે અથવા ગભ
રાટ થવાને બદલે તે જવાબ આપતી કે "સાહેબ ત
મારી આબરૂને શોભા લાગે અને સુખમાં વધારો થાય
એટલા માટે મને ગમે તે કરો હું તદન રાજી છું.
કેમકે તમારી રૈયતમાનો હું એક ઘણીજ મીસકીન રૈયત
તમારા જેવા મોટા દરજજાના માણસની બાયડી
થવાને બીલકુલ લાયક ન હતી." જોયું કે આથી તો
કાંઇ વળ્યું નહીં ત્યારે માહાનસીંહે પોતાના એક નોક
રને અગાઉથી શીખવી રાણી પાસે મોકલ્યો. તેણે આ
વીને રાણીને કહ્યું. "સાહેબ રાજા માહાનસીંહનો
હુકમ થયો છે કે લોકોને રાજી રાખવા ખાતર શાહ
જાદીને જંગલમાં લઇ જઇ કતલ કરવી માટે તેણીને
અમારે સ્વાધીન કરો, રાણીએ તરત ઉઠી પોતાની
બેટીને પાળણામાંથી કાહાડી, અને આંખમાંથી
ગડગડ આંસુ પાડી નોકરના હાથમાં મુકી બોલી
"ભલા મરદ લે આ તારી શાહજાદી, તારા
અને મારા ધણીનો જેમ હુકમ હોય તે
મ બજા લાવ." ચાકર બાલકને લઇ માહાનસીંહ પા
સે ગયો જે પોતાની રાણીની આવી તાબેદારી અને ક
બુલાત પાલવાની સચાઇ જોઇ હેરત રહયો, અને પો
તાની છોકરીને ત્યાંથી થોડેક દુરને છેટેનાં શેહેરનાં એક

બેશીને તાંહાં રાખવા મોકલી, અને ત્યાં તેણીને ઉછો રવા તથા લાયક કેળવણી આપવા માટે સઘલા બંદો બસ્ત કીધા. થોડોક વખત ગયા પછી વળી પાછા ... ને હમેલ રહયા અને આ વેલા તેણીએ બેટાને જનમ આપ્યો. આથી માહાનસીંહ મનમાતો ઘણો ખુશી થયો પણ હજી પોતાની સ્ત્રીની પરીક્ષા તેણે પુરી કરી નહતી. તે એક દહાડે પોતાની રાણીના દીવાનખાનામાં ગયો, અને ઘણો ગુસ્સે હોય તેમ દખાવ કરી બોલ્યો, " અભાગણી સ્ત્રી, તુંએ આ છોકરાને જણમ આપ્યો છે તેથી હવે હું મારા લોકમાં મોહોડું દખાડી શકતો નથી. તે લોક કહેછે કે મારી પછી એક ખેડુતની ઓલાદના હાકમ તલે તેઓ કબુ રેહવાના નથી. માટે જેમ છોકરીને આ દુનીઆનાંથી ઊખેડી નાખી તેમજ આ છોકરાનેબી મારી નખાવી તથા તુને કાહાડી મુકી હું બીજી લાયક રાણી સાથ પરણનાર છું." રાણીના દીલમાં આથી જબરો જખમ લાગો પણ નરમાશથી બોલી " સાહેબ તમારા સુખને અર્થે જે તમાને સારૂં લાગે તે કરો, મારી કશી પરવાહ તમોએ કરવી નહીં કેમકે તમને એક પલનુંબી સુખ થાય તે મારે મનથી પેલી જેહાનનું સુખ છે." આ પછી મહાનસીંહ તરત હુકમ કીધો કે જે પ્રમાણે છોકરીના હાલ કરવામાં આવ્યા તેવાજ છોકરાનાબી કરે

પણ છુપીરીતે છોકરાનેબી જે શેહેરમાં પેલી છોક રીને મોકલાવી હતી, તે શેહેરમાં મોકલાવી દીધો. આટલું છતાંબી રાણી બીચારી કસું બોલી નહીં. આથી માહાનસીંહ ઘણોજ અજાયબ થ ઇ વીચારમાં પડયો કે આ પ્રમાણે બીજી કોઇબી સ્ત્રી ખમે નહીં. લોકોના જયારે સાંભળવામાં આવ્યું કે છોકરાઓનો આ પ્રમાણે નાશ થયો ત્યારે તેઓ માહા નસીંહનાં ઉપર ઘણાં ખફાં થયાં અને રાણીના તરફ દયા બતાવા લાગીઆં. ઊંચા ઊંચા ઉમરાવોની સ્ત્રીઓ રાણીને મલવા આવે ત્યારે તેણીની દયા ખાએ પણ રાણી તેઓને એકજ જવાબ આપે કે "એ છોકરા નાં પેદાનો કરનારની જેવી ઇચ્છા." આ પ્રમાણે કે ટલાંક વરસ નીકલી ગયાં પછી માહાનસીંહે ઠરાવ કી ધો કે હવે એક છેલ્લી મોટી અજમાયશ કરી પોતાની વાહાલી રાણીને તેણીની તાબેદારી અને લાયકીનો બદલો આપવો. તેણે ગામમા મોનાદી ફરવી કે તેણે નાદાન વયમાં જે મુરખાઇથી લગન કર્યાં હતાં તેમાં તે ણે મોટી ભુલ કરી હતી, અને એટલા માટે રાણી સાથ છુટાછેડ કરી તેણીને તેણીના બાપને પાછી હ વાલે કરવાનો તથા એક બીજી લાયક કુલની રાણી ક રવાનો તેનો ઠરાવ હતો. ઘણાક સમજુ માણસોએ આ કામથી તેને વારીઓ પણ તે એકથી બીજો થા

ય નહીં રાણી આ સાંભળી મનમાં ઘણીજ મુઝા વા લાગી કેમ કે પોતાના ભરથાર ઊપર તેનો પ ચાર ખરેખરો અને સાચ્ચો હતો, પણ વીચાર કીધો કે આટલું બધું ખમ્યું ત્યારે તો હવે પુરૂંજ ખમી મુગું બેસવું. એક દહાડે મહાનસીંહે તેણીને ભર મી જલસમાં બોલાવી અને બોલ્યો "એ ઓરત, હું તારી સાથ લગનના ગાંઠથી બંધાવાને રાજી નથી. હું બી જી રાણી કરનાર છું. મારા વડવાઓ આ મુલકનાં રાજ કરતા હતા, અને તારા વડવાઓ ફક્ત ભીખારી હતા, વાસતે તું એ તારા બાપના ઝુપડાંમાં પાછું જવું." આ સાંભળી બીચારી તે નીરદોશ અબલાની છાતી ઉથલાવા લાગી પણ ધીરજ રાખી બોલી. "સરદાર, હું અગાઉથીજ જાણતી હતી, કે મારી નીચ ઓલાદ તમારી નામાંકીત ઓલાદ સાથ કદી ભેલાઇ શકાયજ ન હીં એટલું છતાં આટલી લાંબી મુદત સુધી તમોએ મને સેહવી એ માટે હું તે કીરતારનો અને તમો મેહ રબાનનો ઉપકાર માનું છું. અલબત જે મોહોટાઇ તમો એ મને આપી તે પાછી લઇ લેવાનો તમારો હક છે, વાસતે તમારો હુકમ હું શરેચશમથી માથે ચહડાઉછું" આ સાંભળી સઘલી દરબારની તેમજ માહાનશીંહની પોતાની આંખમા આસું આવી ગયાં, પણ કઠણ ચેહરો કરી બેસી રહયો. છેવટે તેણે હુકમ કીધોકે બી જે પ્ર

માણે આવી હતી તેજ પ્રમાણે સઘળાં કપડાં સર્વની હજુ ... હોડીને પોતાના બાપને ઘર જવું. રાણી ... ઉપર પડી અને હાથ જોડી અરજ કીધી કે' જેહાંપનાહ હું આવી ત્યારે નીરદોશ કુમારી હતી પણ જાઉં છું ત્યારે તેવી નથી. મારૂં કુમારીકાપણું તમો એ લીધુંછે માટે તેના બદલામાં એકજ અરજ માગી લેઉં છું જે જો કબુલ રાખશો તો હું જનમ સુધી ત મારો ઊપકાર ભુલીશ નહી" માહાનશીંહ બોલ્યો "તારી એક માગણી આહાલ રાખવાને હું કબુલ થાઉં છું પણ સરત એટલીકે તારે કોઇ જોઇતી ચીજ માગવી, કસી" મેહેરબાની કે એવું કાંઇ માંગવું નહી. સઘળાઓના મનમાં આવ્યું કે રાણી કોઇ મોટી રકમ અથવા માંગ્યે લવાજમ કે એવું કાંઇ માગશે, પણ તેને બદલે સઘળા ઓની અચરતીની વચ્ચે તે બોલી:— "જે ચીજ હું મા ગું છું તે આ છે, આ શરીર આજ સુધી તમારૂં હતું, આ શરીરે તમારા બે બાલકોને જનમ આપ્યો હતો, એ જ શરીરને તમોએ તેર વરસ સુધી તમારી પાસે રા ખ્યું હતું, તે શરીર હવે ઢાંકણ વગર લોકોના હજુર માં ઉઘાડું પડે તેમાં તમારા ઉચા કુળને લાજ લાગ શે, માટે મારી માગણી એવીછે કે મને એક જુની ધા બલી હોઢીમારા બાપને ઘર જવા દેવી." સઘળી દ રબાર આથી અચરત થઇ ગઇ, અને માહાનશીંહ પો

તે બી ખશીઆનો પડી ગયો પણ વચણ આપેલું એ ટલે ફરી જવાય નહીં તેથી રજા આપી. અને તો- તો- બચારી રાણી ફકીરી હાલતમાં ઉઘાડે પગે અ... ડે માથે એક જુની ધાબળી ઓઢીને પોતાના બાપને ઘર ગઇ. ત્યાં તે પાછું પોતાના બાપનું ઘર ખટલાનું કા મ રાબેટા મુજબ કરવા લાગી થોડાક દહાડા ગયા પછી માહાનશીંહે જાહેર કીધુ કે તેણે એક બાહારના રાજની ઉમરાવજાંદી સાથ સગાઇ કીધીછે, અને તે બાનું પરણ વા માટે અહીંયાં આવનારછે. માહાનશીંહે કાહાડી મુ કેલી રાણી કે જેણીનુ નામ પ્રેમવંતી હતુ તેણીને તેડા વી મંગાવી અને હુકમ કીધો કે તારે મેહેલમાં આવી દાસી તરીકે કામ કરવું, અને નવી રાણીને સારૂં સઘળુ તેયાર કરાવવું. બચારી પ્રેમવંતી પોતાના ફાટેલાં તુટેલાં કપડાંમા મેહેલમા આવી અને હાથમાં ઝાડુ લઇ કચ રો કાહાડવા તથા નવી રાણીને સારૂં સઘળું તેયાર ક રવા લાગી. હવે માહાનસીંહે જે શેહેરમાં પોતાનાં છો કરાંઓને મોકલ્યાં હતાં તે શેહેરમાંથી તેઓને એક વીશવાસુ માણસ સાથે પાસેના ગામમાં તેડાવી મંગા વીયાં, અને હોકમ કીધો કે જયારે ખેપીઓ કેહવા આવે ત્યારે લાહુ લશકર સાથે આ બે જણાને બુંદી શેહેરમાં લાવવાં. માહાનશીંહની છોકરી આ વેળા બાર વરસની હતી, તે ઘણીજ ખુબ સુરત હતી તથા છોકરો ૭ વરસ

ના હતો. માહાનશીંહે સરવેન જણાવ્યુ કે તેની નવી થ
... અને તેણીનો નાહાનો ભાઇ કરી બીજે દી
...રના ગામમાં આવી પોહોચશે માટે સરવેએ
તેનીં સાથે તેમને લેવા આવવું. બીજે દીને સહુવારના સ
ઘલુ સરઘસ ગામની પાદરે ગયુ, અને પેલી છોકરી તથા
છોકરાને આદરસતકારથી શેહેરમાં લાવીઆ. છોકરીની
પાલખી સાથે ઉઘાડે પગે અને ફાટે તુટે કપડે ચાકરડી
દાખલ આગલી રાણી પ્રેમવંતી માહાનશીંહના હુકમ
થી ચાલી. મેહેલમાં આવી પુગીયા પછી નવી રાણીનો
પગ માહાનશીંહે પ્રેમવંતી પાસે ધોવડાવીઆ. તે જોઇ સ
ઘળાં લોક તરાહે તરાહે કરવા લાગીઆ. પણ માહાનશીંહે
હવે ઠરાવ્યું કે પ્રેમવંતીની તપાસ પુરેપુરી થઇ હતી, તેણી
એ પોતાની ધીરજ અને તાબેદારી ઘણી તારીફ લાયક
રીતે બતાવી હતી, માટે તેણીને તેનો બદલો આપવો. તે
ણે ભર મીજલસમાં પ્રેમવંતીને બોલાવી અને બોલ્યો
" પ્રેમવંતી મારી વાહાલી રાણી, તારી ફીરેસતા સરીખી
ધીરજનો બદલો આપવાનો હવે વખત આવી પુગીયોછે.
જેઓ મને અત્યાર સુધી કરૂર, અભાગીયો અને જીદી
સમજતા હતા તેઓએ જાણવું કે આ જે મેં સઘળું
કીધું તે માત્ર તમને દેખાડવા કે બાપડી તે કેવી હોવી
જોઇએ, બાપડી કેમ કરવી અને તેને કેમ રાખવી.
પ્રેમવંતી, મારા મનની મુરાદ તેં પુરી પાડીછે અને મો

શા જીવને ખુશી આપનારી બાનું તુંજ એકલી માલમ પડી છે, માટે આજથી તું મારા રાજની અને મારા સુખદુખની ભાગપણછે. આ જુવાન બાનુ તો-તો બાપડી થનાર હતી અને આ નાહાનો ઘરહસ્થ એ આ પણ પોતાના છોકરાં છે. એમને મેં મારી નંખાવીચાં નહીં હતાં પણ બીજા રાજમાં છુપી રીતે રાખ્યાં હતાં, આવ પ્રેમવંતી આજથી હું તારો ગુલામ છું" એમ કહી પ્રેમવંતી જોગીના દીલમાં ફાટેલાં અને મેલાંજ કપડાં તે છતાં તેણીને ભેટી પડ્યો. આખી સભાની આંખમાંથી આંસુ વેહવા લાગીચાં, અને આ સુખી કુટુંબ દુવા દેતુ પોતાના મેહેલેમાં પધાર્યું.

સમાપ્ત.

ખબર.

છપાઇ બહાર પડશે.

ગ્રાહક થશો કે?

.હીર અને બાનુ લયલ. વાતાનો

.હાક થવા ઇછતા હોય તેઓએ નીચે

. સરનામે લખી મોકલવાની તસ્દી લેવી

.। ઉપકાર માનવામાં આવશે.

મત—આગળથી ગ્રાહક થશે તેની પાસથી

.ના લેવામાં આવશે અને પાછળથી છ આના

.। આવશે પોસ્ટેજ એક આનો વધારે મોકલવો.

અમારે ત્યાંથી વારતાની ચોપડીઓ મળશે.

.।દસાહ અકબર અને દીવાન બીરબળની વારતા બે

ભાગમાં દરેકની કીંમત (૪) આના પડશે અને પોસ્ટેજનો

એક આનો વધુ મોકલવો.

ઠેકાણું—મુંબઇ **પાલવ રસ્તા** નાનાશંકર

શેઠની ગલી ઘર ના૦ (**૨૫**) **જી૦ કે૦ શાણે.** ને

ત્યાંથી મળશે.